

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્ર :

વિવિધ કારણોસર ઉચ્ચ અભ્યાસથી વંચિત જરૂરિયાતમંદ યુવાનોને ફીટર, વેલ્ડર, ટર્નર, મશિનિષ્ટ, પ્રિન્ટીંગ, ઈલેક્ટ્રીશ્યન, કેમીકલ, કોમ્પ્યુટર, સોલાર, પ્રોસેસ ઓટોમેશન, સ્પીનીંગ,વીવીંગ, ફાયર એન્ડ સેફટી વગેરે વિષયોમાં વ્યવસાયિક તાલીમ એક વર્ષ માટે આવાસીય ધોરણે ગુમાનદેવ કેમ્પસમાં આપવામાં આવે છે.

ટેકનીકલ તાલીમની સાથે સાથે યુવાનોને વ્યકિતત્વ વિકાસ, ચારિત્ર ઘડતર અને જવાબદેહિતાની ક્રમબદ્ધ તાલીમ આપવામાં આવે છે.

પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને તાલીમ ઉપરાંત વ્યવસાય શરૂ કરવા માટેની બધી જ જરૂરી મદદ કરવામાં આવે છે.

દરેક વિદ્યાર્થીને રોજગારીની ખાત્રી અને અદ્યતન ટેકનીકલ તાલીમ સાથે અત્યાર સુધીમાં ૩૬૦૦ જેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપી રોજગારી અપાવવામાં આવી છે. અત્યાર સુધીમાં ૭૨ જેટલા વિદ્યાર્થીઓ પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો છે.

## નાણાંકીય ચિતાર :

- છેલ્લાં ચાર દાયકામાં સેવા રૂરલે તેના વિવિધ કાર્યક્રમો અને સેવાઓ માટે લગભગ રૂા. ૨૫૦ કરોડ જેટલો ખર્ચ કર્યો છે.
- **દર વર્ષે લગભગ રૂા. ૧૬ કરોડના નિભાવ ખર્ચ થાય છે** જે માટે ૨૫% રકમ સરકાર અને અન્ય સંસ્થાઓ પાસેથી ગ્રાન્ટ સ્વરૂપે મળે છે, ૨૦% રકમ સ્થિતિપાત્ર દર્દીઓ પાસેથી થતી આવક જેવા આંતરિક સ્ત્રોતમાંથી અને ૨૦% ગરીબ દર્દીઓ માટેની વિવિધ હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના અને મૂકેલ થાપણના વ્યાજમાંથી મળે છે. પરિણામે **નિભાવ ખર્ચ માટે દર વર્ષે ૪ કરોડ જેટલી પડતી ખોટ** માટે ઔદ્યોગિક એકમો, દેશ–પરદેશના સખાવતી ગૃહો અને વ્યકિતગત શુભેચ્છકો ઉપર વર્ષોવર્ષ આધાર રાખવો પડે છે.
- હોસ્પિટલના વિસ્તૃતિકરણ માટે જુના મકાનોને તોડીને બહુમાળીય હોસ્પિટલનો ૩૦ કરોડનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ આવનારા બે વર્ષમાં પરિપૂર્ણ કરવાનું આયોજન છે. જે માટે વિશેષ દાનની આવશ્કયતા છે.

## સમાપન :

સમાજના વંચિત વર્ગો– મહિલાઓ, આદિવાસીઓ અને ગરીબો સુધી આધુનિક વિકાસના લાભો પહોંચાડવા માટે છેલ્લા ચાર દાયકાથી અમારા અવિરત પ્રયત્નો અને કટીબધ્ધતા ચાલુ રહ્યા છે. સેવા રૂરલના ધ્યેય માટે સમર્પિત અને નિષ્ઠાવાન કાર્યકરોના પ્રયાસોને પરિણામે આ ભગીરથ કાર્ય શકય બની રહ્યું છે. વિશેષ આનંદની બાબત એ છે કે નિષ્ણાત યુવા પેઢી પણ આ સેવાયજ્ઞમાં જોડાઈ રહી છે અને અસરકારક રીતે સંસ્થાના કામની જવાબદારી સંભાળી રહી છે. અમારૂ આ સ્વપ્ન સાકાર કરવામાં સહભાગી થવા માટે આપ સૌના અમે આભારી છીએ અને આપનો સહકાર આવનારા વર્ષોમાં પણ મળતો રહેશે એવી શ્રધ્ધા અને વિશ્વાસ છે.

## ટ્રસ્ટી મંડળ


| | |
|---|---|
| ડૉ. પંકજ શાહ<br>મેનેજીંગ ટ્રસ્ટી | M.D. (Community Medicine) |
| શ્રી બંકિમ શેઠ<br>મેનેજીંગ ટ્રસ્ટી | B.Sc. (Micro) |
| ડૉ. લતા દેસાઈ | M. D.D.Ped., D.A.B.P. & F.A.A.P. (USA) |
| ડૉ. પ્રતિમા દેસાઈ | Ph. D. (USA) |
| શ્રી ગીરીશ શાહ | B. E. (Chemical Eng.) |
| ડૉ. હસમુખ સાધુ | M.D. D.G.O. |
| ડૉ. શ્રેય દેસાઈ | M.D. M.P.H. (USA) |
| ડૉ. અમી યાજ્ઞિક | M.S. (General Surgery) |
| ડૉ. ગાયત્રી દેસાઈ | M.D. (OBGYN) (USA) |
| ડૉ. ધીરેન મોદી | M.D. (Community Medicine) |


**સેવા રૂરલને આપવામાં આવતા દાનને ૮૦–જી હેઠળ ઈન્કમટેક્ષમાં ૫૦% કરમુકિત મળે છે. બેંક દ્વારા દાન સીધુ ટ્રાન્સફર કરવાની વિગત નીચે પ્રમાણે છે:**

| | |
|---|---|
| એકાઉન્ટ | : **SEWA RURAL GENERAL** |
| બેંક | : **ICICI** બેંક, ઝઘડિયા, |
| એકાઉન્ટ નંબર | : 380401000154 |
| **IFSC Code** | : ICIC0003804 |

**QR code :**

આપ બાજુમાં આપેલ QR કોડની મદદથી સીધું ડોનેશન પણ મોકલી શકો છો.

- બેંક દ્વારા દાન ટ્રાન્સફર કરાવ્યા બાદ તેની સેવા રૂરલમાં તરત માહિતી આપવા માટે.....

**બંકિમ શેઠ** - 9426120753,
bankimshethsr@gmail.com અથવા
**વિનોદભાઈ શાહ** - 9428443617,
vinodshah@sewarural.org નો સંપર્ક કરી દાતાની PAN અને પૂરા સરનામા સહિત વિગત આપવા વિનંતી છે.

**ગરીબને, અભણને, અજ્ઞાનીને,**
**દુ:ખીને ઈશ્વર માનો.**
**આવા લોકોની સેવા**
**એ જ પરમ ધર્મ છે**

સ્વામી વિવેકાનંદ

42 Years 1980-2022
એક અવિરત યાત્રા

**સેવા રૂરલ**
ઝઘડીયા ૩૯૩ ૧૧૦,
જિ. ભરૂચ, ગુજરાત


| | |
|---|---|
| પબ્લીક ટ્રસ્ટ નં. | : એફ/૧૧૦/ભરૂચ |
| સોસાયટી રજી. નં. | : ગુજ./૧૨૦/ભરૂચ |
| FCRA રજી. નં. | : ૦૪૧૯૯૦૦૦૬ |
| PAN | : AAATS7375J |
| CSR Reg. No. | : CSR00002749 |
| ઝઘડિયા | : (૦૨૬૪૫) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮ |
| E-mail | : sewarural@ymail.com |
| Website | : www.sewarural.org |
| Face book | : www.facebook.com/sewarural |

**શરૂઆત :** **સેવા રૂરલ એક વિકાસલક્ષી સ્વૈચ્છિક સંસ્થા છે,** જે દક્ષિણ ગુજરાતના ગ્રામીણ અને **આદિવાસી વિસ્તારમાં આરોગ્ય અને તબીબી સેવાઓ તેમજ અન્ય ગ્રામ વિકાસનાં કાર્યોમાં છેલ્લા ચાર દાયકાથી કાર્યરત** છે. સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના વિચારો અને આદર્શોને વરેલ કેટલાક યુવા મિત્રોએ દેશ પરદેશમાં અભ્યાસ તથા અનુભવ મેળવી કાર્યની શરૂઆત ભરૂચ જીલ્લાના ઝઘડિયા મુકામે ૧૯૮૦માં કરી. જેમાં સમાન વિચારસરણી ધરાવતા અન્ય નિષ્ણાત અને સંનિષ્ઠ યુવાનો સમયાંતરે જોડાતા ગયા.

## ધ્યેય :

- **છેવાડાના ગરીબ અને વંચિતો માટે** આરોગ્ય અને વિકાસનાં કાર્યક્રમો.
- કાર્યમાં **મૂલ્યોની જાળવણી.** • કાર્યકરોનો **સ્વવિકાસ.**

**અભિગમ : • સામાજિક સેવા • વૈજ્ઞાનિક અભિગમ • આધ્યાત્મિક દ્રષ્ટિકોણ**

## અવિરત યાત્રા :

- ૧૯૮૦ ગામ લોકો દ્વારા સમર્પિત ૨૦ પથારીની હોસ્પિટલની કરેલ
- શરૂઆત આજે ૨૫૦ પથારીની જનરલ હોસ્પિટલમાં પરિવર્તિત
- ૧૯૮૨થી ઘરઆંગણે આરોગ્ય : કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટની શરૂઆત.
- ૧૯૮૪ થી ૧૯૯૯: સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું સફળતાપૂર્વક સંચાલન.
- ૧૯૮૬થી વિવેકાનંદ ગ્રામિણ તકનીકી કેન્દ્રઃ યુવાનોને વ્યાવસાયિ તાલીમ અને સંસ્કાર સીચન દ્વારા પગભર કરવાના પ્રયત્ન.
- ૧૯૮૬થી બહેનોના સશકિતકરણના કાર્યક્રમો પાપડ, નાસ્તા, ગારમેન્ટ
- ૧૯૮૮થી નેત્રરક્ષા અને અંધજન પુનર્વસન કાર્યક્રમ શરૂ
- ૧૯૯૦થી આરોગ્ય તાલીમ કેન્દ્ર શરૂ
- ૨૦૦૨ થી ઝઘડિયા તાલુકાના ૧૬૮ ગામોમાં માતૃબાળ કલ્યાણની સેવાઓ આપી માતૃ અને નવજાતશિશુ મૃત્યુ દરમાં અસરકારક ઘટાડો.
- ૨૦૦૨થી સેવા રૂરલ પ્રેરિત શારદા મહિલા વિકાસ સોસાયટીની સ્થાપના
- ૨૦૧૩ થી ૨૦૧૮–મોબાઈલ ફોન ટેકનોલોજી આધારિત ભરૂચ અને નર્મદા જિલ્લામાં આરોગ્ય કાર્યકરોને સક્ષમ કરતો ImTeCHO રિસર્ચ પ્રોજેકટ
- ૨૦૧૨થી કિશોર–કિશોરી માટેના ખાસ એડોલેસન્ટ હેલ્થ કાર્યક્રમની શરૂઆત જેમાં મેન્સ્ટ્રઅલ હાઈજીન મેનેજમેન્ટ પર ખાસ ભાર
- ૨૦૧૮: આખા ગુજરાતભરમાં સર્વાંગી આરોગ્યની જાળવણી માટેનો TeCHO+મોબાઈલ એપ્લિકેશનની શરૂઆત જેમાં સેવા રૂરલનું મહત્વનું પ્રદાન

## • સંસ્થાને પ્રાપ્ત એવોર્ડ

- ૧૯૮૫ : WHO (જીનીવા) દ્વારા 'સાસાકાવા' એવોર્ડ
- ૨૦૦૭ : મેકાર્થર ફાઉન્ડેશન (યુ.એસ.એ.) દ્વારા 'મેકાર્થર' એવોર્ડ
- ૨૦૧૫ : WHO (ઈન્ડિયા) દ્વારા 'પબ્લિક હેલ્થ ચેમ્પીયન' એવોર્ડ
- ૨૦૨૨ : સંસ્થાના ફાઉન્ડીગ ટ્રસ્ટી ડૉ. લતાબેન દેસાઈને પદ્મશ્રી એવોર્ડ
- Great Place to Work અને Best Work Place for Women તરીકેની માન્યતા
- Guide Star, Credibility Alliance અને LaQshya દ્વારા પ્રમાણિત

# હાલની પ્રવૃત્તિઓની ઝલક

**કસ્તુરબા હોસ્પિટલ :** હોસ્પિટલ આજે આધુનિક લેબોરેટરી, બ્લડ સ્ટોરેજ સેન્ટર, ICU, NICU તેમજ અદ્યતન ઓપરેશન થિયેટરો, એક્સ–રે, સોનોગ્રાફી, લેબરરૂમ વિગેરે સુવિધાઓથી સુસજ્જ છે.



- પ્રસુતિ અને સ્ત્રી રોગ, બાળરોગ, જનરલ મેડીસીન, આંખ વિભાગની ફુલટાઈમ અને જનરલ સર્જરી (Planned) નીઓપીડી, ઈન્ડોર અને ૨૪ કલાક ઈમરજન્સીની નિષ્ણાત સેવાઓ
- સીકલસેલના દર્દીઓની અદ્યતન સારવાર અને ફીલ્ડમાં ફોલોઅપ માટેનું ખાસ કેન્દ્ર
- લેબોરેટરી (NABL) અને સોનોગ્રાફીની સુવિધાથી સુસજ્જ અંતરિયાળ ડેડીયાપાડા મુકામે બહેનોની તપાસ માટેનું અઠવાડિક સેટેલાઈટ કલીનીક
- હોસ્પિટલને FRU તેમજ સરકારની વિવિધ યોજનાઓ જેવી કે "ચીરંજીવી", "બાલસખા", "મા યોજના" તથા આયુષ્યમાન ભારત અંતર્ગત PMJAYયોજના માટે માન્યતા મળી છે.
- ૨૫ જેટલા ફુલ ટાઈમ તબીબો અને ૧૦૦ જેટલા નર્સિંગ અને પેરામેડિકલ સ્ટાફ હોસ્પિટલ માં ચોવીસ કલાક માટેની ઈમરજન્સી સારવાર માટે ઉપલબ્ધ છે.
- **હોસ્પિટલની સેવાઓની પહોંચ (દર વર્ષે) :**
- ભરૂચ, નર્મદા અને આજુબાજુ જિલ્લાના ૨૫૦૦ કરતાં વધુ ગામોના દર્દીઓ આ હોસ્પિટલનો લાભ લે છે.
- ૧.૫ લાખથી વધુ દર્દીઓની ઓપીડીમાં તપાસ
- ૨૪૦૦૦ જેટલા નવા દાખલ દર્દીઓની સારવાર
- ૬૦૦૦ જેટલી સુવાવડ
- મોતીયા સહિત ૬૦૦૦ જેટલા વિવિધ ઓપરેશન
- દૈનિક ૨૦૦ જેટલી પથારી ભરેલી રહે છે.
- ઓપીડીમાં ૪૫% દર્દીઓ અને ઈન્ડોરમાં ૭૦% દર્દીઓને વિનામૂલ્યે સારવાર

• **નેત્રરક્ષા કાર્યક્રમ:** અઠવાડિયામાં ગ્રામ્ય વિસ્તારમાં થતાં એક નિદાન કેમ્પ, હોસ્પિટલ ઓપીડી, મોતિયાના ઓપરેશનો અને આંખના રોગો જેવા કે ઝામર, ત્રાંસી આંખ, પડદા વગેરેના સુપર સ્પેશ્યાલીટી કલીનીકોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ઓપરેટીગ માઈક્રોસ્કોપ, ડાયોડ અને યાગ લેઝર, ઓટો રીફ્રેકટર અને ઓટોમેટેડ પેરીમીટર, ઓપ્ટીકલ બાયોમીટર જેવા અદ્યતન સાધનો પણ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. દર વર્ષે આંખ વિભાગ દ્વારા ૨૫૦૦૦ જેટલી ઓપીડી, ૫૦ જેટલા કેમ્પ તથા ૩૦૦૦ જેટલી સર્જરી (મોતિયા સહિત) થાય છે. અંધજન પુનર્વસન કાર્યક્રમ હેઠળ સાત તાલુકાની આઠ લાખની વસ્તીમાં ૯૦૦ જેટલા અંધજનોનું પુનર્વસન કરવામાં આવ્યું હતું.




**કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ :** ઊંડાણના ગામડાઓમાં માતૃ અને બાળ મૃત્યુ દર ઘટાડવા માટે આરોગ્ય કાર્યકરોને મોબાઈલ ફોન એપ્લીકેશન (ImTeCHO) દ્વારા સક્ષમ બનાવવાનો પ્રોજેકટ સરકારના આરોગ્ય વિભાગની ભાગીદારી સાથે વર્ષ ૨૦૧૩ માં હાથ ધરવામાં આવ્યો. જેમાં ભરૂચ અને નર્મદા જિલ્લાની ૫૦૦ ગામોની આશાબહેનોને સક્ષમ કરી ICMR (નવી દિલ્હી)ની મદદથી સંશોધન દ્વારા ઉત્કૃષ્ટ સિદ્ધિઓ મેળવી છે. પરિણામે ગુજરાત સરકારે આખા રાજયની ૬.૫ કરોડ વસ્તીની સર્વાંગી આરોગ્યની જાળવણી માટે વર્ષ ૨૦૧૮થી આ સોફટવેર એપ્લીકેશન (TeCHO+) ૧૦૦૦૦ જેટલા ફીમેલ હેલ્થ વર્કરને ફાળવી છે જેમાં સેવા રૂરલ ઘનિષ્ઠ યોગદાન આપી રહ્યું છે.



હોસ્પિટલના SNCU માં દાખલ બાળકોનું રજા આપ્યા બાદ ગ્રામ્યસ્તરે મુલાકાત લઈ ઘનિષ્ઠ ફોલોઅપને પરિણામે બાળમૃત્યુ દર તથા કુપોષણનું પ્રમાણ ઘટી રહ્યું છે.

હોસ્પિટલની સેવાઓ અને ગ્રામ આરોગ્યને વધુ સુદઢ બનાવવા માટે વિવિધ વિષયો ઉપર વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરી તેના લેખો ખ્યાતિ પ્રાપ્ત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલોમાં પ્રકાશિત કરવામાં આવે છે.

## ગુમાનદેવ સ્થિત આરોગ્ય તાલીમ કેન્દ્ર :



- ઓડિયો વિઝયુઅલથી સુસજ્જ કલાસરૂમ, કોન્ફરન્સ રૂમ તેમજ તાલીમાર્થીના રહેઠાણની સુવિધા
- નર્સિંગ અને લેબ. આસિસ્ટન્ટ, IMNCI, SBA જેવા સરકાર માન્ય વિવિધ તાલીમ કાર્યક્રમ
- દર વર્ષે લગભગ ૪૦ સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી આવતા ૫૦૦થી વધુ દેશ પરદેશના વિવિધ આરોગ્ય કાર્યકરો અને તાલિમાર્થી વિદ્યાર્થીઓ

## • એડોલેસન્ટ એમ્પાવરમેન્ટ કાર્યક્રમ :

- ભરૂચ અને નર્મદા જિલ્લાની હાઈસ્કુલ, આશ્રમ શાળાઓ અને શાળા છોડી ગયેલ ૫૦૦૦થી વધુ કિશોરી–કિશોરીઓમાં જાગૃતિ વધે અને સક્ષમ બને તે માટેનો ખાસ પ્રોજેકટ જેમાં રીપ્રોડકટીવ હેલ્થ, લોહીની ઊણપ, વ્યસનો અને વ્યકિતગત સ્વચ્છતા, માસિકચક્રનું વ્યવસ્થાપન જેવા વિવિધ વિષયોનો સમાવેશ.
- પીયર એજયુકેટર, શિક્ષકો અને ગ્રામસ્તરના આરોગ્ય કાર્યકરોને આ માટે સક્ષમ કરવામાં આવ્યા.
- કિશોર–કિશોરીઓ માટેના ખાસ કલીનીક. (AFHC)
- વધુ જોખમી કિશોર–કિશોરીઓનું ખાસ મોબાઈલની ડિજીટલ એપ્લીકેશન દ્વારા સઘન ફોલોઅપ અને કાઉંસેલીગ.
- શાળાએ ન જતા કિશોરોને વ્યાવસાયિક માર્ગદર્શન (Vocational skill)